# ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

## જાહેરાત ક્રમાંક:- ૫/૨૦૨૫-૨૬ આંકડા મદદનીશ, જાહેરાત ક્રમાંક:- ૮/૨૦૨૫-૨૬ સંશોધન મદદનીશ સંવર્ગની CBRT (Computer Based Response Test) પધ્ધતિથી MCQ (Multiple Choice Question) પ્રકારના હેતુલક્ષી પ્રશ્નોવાળી યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની જાહેરાત

જાહેરાત ક્રમાંક:- ૫/૨૦૨૫-૨૬ આંકડા મદદનીશ, જાહેરાત ક્રમાંક:- ૮/૨૦૨૫-૨૬ સંશોધન મદદનીશ સંવર્ગની **CBRT (Computer Based Response Test)** પધ્ધતિથી **MCQ (Multiple Choice Question)** પ્રકારના હેતુલક્ષી પ્રશ્નોવાળી સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર છે. જે અંગેનો કાર્યક્રમ મંડળની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ પરીક્ષા માટે નીચે દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન ઉમેદવારે પોતાના ઓનલાઇન પ્રવેશપત્ર-કમ-હાજરીપત્રક (કોલલેટર/હોલ ટિકિટ) અને તેની સાથેની ઉમેદવારો માટેની સૂચનાઓ મંડળની વેબસાઇટ https://gpssb.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી, પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગનુ નામ | પરીક્ષાની તારીખ | પરીક્ષાનો સમય | કોલલેટર/હોલટિકિટ/પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાનો સમયગાળો | |
|---|---|---|---|---|---|
| | | | | From | To |
| ૫/૨૦૨૫-૨૬ | આંકડા મદદનીશ | ૨૦-૦૧-૨૦૨૬ | સવારે ૧૦-૦૦ થી ૧૧-૩૦ | તા.૦૬-૦૧-૨૦૨૬ (મંગળવાર) બપોરે ૧૪:૦૦ કલાકથી | તા. ૨૦-૦૧-૨૦૨૬ (મંગળવાર ) સવારે ૯ :૪૫ કલાક સુધી |
| ૮/૨૦૨૫-૨૬ | સંશોધન મદદનીશ | ૨૦-૦૧-૨૦૨૬ | બપોરે ૧૩-૩૦ થી ૧૫-૦૦ | તા.૦૬-૦૧-૨૦૨૬ (મંગળવાર) બપોરે ૧૪:૦૦ કલાકથી | તા.૨૦-૦૧-૨૦૨૬ (મંગળવાર) બપોરે ૧૩ :૧૫ કલાક સુધી |

૧. ઉમેદવારે કોલલેટર/પ્રવેશપત્રમાં દર્શાવેલ સૂચનાઓ તેમજ તેની પાછળ આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી, તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૨. મંડળ દ્વારા આ પરીક્ષામાં ઉમેદવારોનું બાયોમેટ્રીક વેરીફીકેશન કરવામાં આવનાર હોય, પ્રસ્તુત પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માંગતા ઉમેદવારોએ પરીક્ષાના દિવસે કોલ લેટરમાં દર્શાવેલ રીપોર્ટીંગ સમયે પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે. જો કોઇ ઉમેદવાર કોલલેટરમાં દર્શાવેલ ગેટ બંધ થવાના સમય બાદ પરીક્ષા કેન્દ્ર ખાતે ઉપસ્થિત થશે તો તેઓને કોઇપણ સંજોગોમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. જેની સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.

૩. મંડળ દ્વારા યોજાનાર **MCQ-CBRT** પદ્ધતિની પરીક્ષામાં દરેક પ્રશ્નના સાચા જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવશે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબ ને પસંદ કરવાનો રહેશે. પ્રશ્નનો ખોટો જવાબ પસંદ કરવાથી 1/4 માર્કસ (નેગેટીવ માર્કસ) કાપવામાં આવશે.


૪. સંબંધિત ઉમેદવારોએ સદર પરીક્ષાના ઓનલાઈન પ્રવેશપત્ર-કોલ લેટર ડાઉનલોડ કરીને તેની ફિઝીકલ પ્રિન્ટ આઉટ કાઢીને તથા ઓળખના અસલ પુરાવા સાથે પ્રવેશપત્રમાં દર્શાવેલ પરીક્ષાના દિવસે અને રીપોર્ટીંગ સમયે પરીક્ષા કેન્દ્ર ખાતે અચૂક હાજર રહેવાનું રહેશે.

૫. ઉક્ત સંવર્ગોના તમામ ઉમેદવારો ઉકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ જે તે સંવર્ગની પરીક્ષા શરૂ થવાના ૧૫ મિનિટ પહેલાં સુધી પોતાના ઓનલાઈન પ્રવેશપત્ર-કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.


૬. ઉકત સંવર્ગોના તમામ ઉમેદવારોએ ઓનલાઇન પ્રવેશપત્ર-કોલ લેટર ડાઉનલોડ કરવા માટે નીચે મુજબના **Steps** અનુસરવાના રહેશે.

**Step 1:** નીચેની લિંક પર ક્લિક કરો.


**[https://cdn.digialm.com//EForms/configuredHtml/33106/96893/login.html](https://cdn.digialm.com//EForms/configuredHtml/33106/96893/login.html)**




**Step 2 :** આપને લાગુ પડતી જાહેરાત નંબર તથા સંવર્ગનું નામ સિલેકટ કરશો ત્યારબાદ કન્ફર્મેશન નંબર,જન્મતારીખ અને ઇમેજ ટેક્ષ્ટ ટાઇપ કરી **Log In** બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




**Step 3 :** ઉમેદવાર **Admit Card Tab** ઉપર કલીક કરીને પોતાનો ઓનલાઇન પ્રવેશપત્ર-કોલ લેટર ડાઉનલોડ કરી શકશે.




**Step 4:** ઓનલાઇન પ્રવેશપત્ર - કોલ લેટર ડાઉનલોડ કરીને તેની પ્રિન્ટઆઉટ કાઢી લેવાની રહેશે અને કોલલેટરમાં નિર્દિષ્ટ તારીખ અને સમયે પરીક્ષા કેન્દ્ર પર કોલલેટર તથા ઓળખનો અસલ પુરાવો અચૂકપણે સાથે લાવવાનો રહેશે તથા કોલ લેટરમાં દર્શાવેલ ઉમેદવાર માટેની સૂચનાઓ અવશ્ય વાંચીને તેનો ફરજિયાતપણે અમલ કરવાનો રહેશે.

૭. ઉમેદવારોએ ડાઉનલોડ કરેલ કોલ-લેટર તથા સૂચનાઓની વિગતો પરીક્ષા સમયે હાજરીપત્રકની વિગતો ભરવા તેમજ પરીક્ષાની આગળની કાર્યવાહી માટે ખૂબ જ ઉપયોગી હોઇ તે અચૂક વાંચી જવી. ઓનલાઈન કોલ લેટર ડાઉનલોડ કરવા સંદર્ભે કોઈ માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે માટે કચેરી સમય દરમ્યાન મંડળની હેલ્પલાઈન નંબર :૦૭૯-૨૩૨૫૮૫૨૯ પર સંપર્ક કરી શકાશે.

"મંડળના આદેશાનુસાર"

સ્થળ: ગાંધીનગર

તારીખ:-૦૫-૦૧-૨૦૨૬

સચિવ

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ